Gujrati (P)

(T)

(20)(P)

NA 3163

# સ્વદેશી કીર્તન.

## ૧. જય જય ગરવી ગુજરાત.

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી,
પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને,
પ્રેમભક્તિની રીત—
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત. ॥
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને,
રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો,
દે આશિષ જયકાર—
સંપે સોયે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત. ॥

તે અણુહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગથકી પણ અધિક સરસ રંગ,
થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે,
વીતી ગઇ છે રાત,
જન ઘુમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

**સ્વ. કવિ નર્મદાશંકર.**

---

## *મહજ્જનપૂજન.

### આશાવરીની ધુનમાં.

આવો અમારા દેશમાં પૂજન તમારૂં થાય છે,
સર્વસ્વ જેના સ્વાર્થનો રસ દેશમાં વહી જાય છે. આવો૦
જેણે ફકીરી આદરી પરમાર્થ જેનો સ્વાર્થ છે,
તે સત્ય વાણી અભયવરદા એકલો પૂજાય છે. આવો૦
જેનું હૃદય ધડકી રહ્યું નિજ દેશના ધડકારમાં,
એ પુનિત સુંદર હૃદયવરનું પ્રેમ પૂજન થાય છે. આવો૦

---

* રા. રા. મગનભાઇ ચતુરભાઇ પટેલના "ક્ષાત્રપાળ પ્રતાપ"માંના આ કાવ્યને પ્રસંગને અનુસરી તેમાં સ્હેજ ફેરફાર કરી અત્રે લીધું છે.

જેણે ગણ્યું આ જીવિત સરખું તુચ્છ પરદુઃખ આગળે,
પરમેશ દિવ્ય મનુષ્ય એકજ, એજ અહિં પૂજાય છે. આવો૦
જેને હજારો દુઃખ દેશની, અર્થ પુષ્પ સમાન તે,
એ પુષ્પના ભરગુચ્છની મૃદુમાળમાં મ્હેંકાય છે. આવો૦
તે વીર ધીર મહન્ત પ્રેમી આવજો અમ મંદિરે,
જ્યાં હિંદના દાદાતણું છે આદર્યું પૂજન અમે. આવો
કુંકુમ ભર્યે પગલે પધારી આંગણું પાવન કરી,
અમ ગરીબજનના હૃદયને અમરે ભરો અમીધારથી. આવો૦

---

## શ્રી.

## ૩. દાદાભાઈ ગુણકીર્તન.

"ગીતિ" છંદ.

જયંતી ઉજવાયે, આર્ય જનોના દાદાની આજે;
વધાવીયે પુષ્પોથી, મધુરા રાગે વાજીંત્રો વાજે. ૧
સ્વારથને સળગાવી, દેશદ્રોહીને આહુતી આપી;
પરમારથપણ લીધું, સ્વદેશ માટે પ્રેમ હૃદયે સ્થાપી. ૨
તાજ વિનાના રાજે, ભગિરથ કીધા આભારો બહુને;
જ્ઞાતિ ભેદ ન રાખ્યો, નિરખીયા નિજ બંધુ સમ સહુને. ૩
વિદેશમાં જઈ વસીયા, સ્વદેશનું દુઃખ દળવાને કાજે;
સ્પષ્ટ રીતે સમજાવી, હિંદતણી આ હાલત છે આજે. ૪
હિંદ હિતાર્થે કીધી, તનમન ધનથી સેવા બહુ સારી;
એ ઉપકારો આજે, સ્મરણ કરે છે ભારતનરનારી. ૫

રા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

## ૪. દાદાભાઇ દીર્ઘાયુ હજો.

"હરિગીત" છંદ.

આનંદનો દિન આજનો છે હિંદમાં સઘળે સ્થળે,
શ્રોતા અને માંશય તણાં બહુ હર્ષથી મંડળ મળે;
નિજસ્વાર્થત્યાગી નરતણું દૃષ્ટાંત દિલમાં રાખજો,
એ હિંદ હિતકર વીર દાદાભાઇ દીર્ઘાયુ હજો. ૧

કલ્યાણ કરવા દેશનું વિદેશ માંહે સંચરી,
બહુ વર્ષ બહાદૂરાઇથી બંધુ તણી સેવા કરી;
નરરત્ન એવા આત્મત્યાગી ભારત માંહે પાકજો,
એ હિંદ હિતકર વીર દાદાભાઇ દીર્ઘાયુ હજો. ૨

અનહદ કર્યા ઉપકાર વારંવાર દાદે દેશને,
સદ્‌ગુણથી કીર્તિ વધારી ઠેશ મારી કલેશને;
સિંહણ તણા આ સુતના ગુણગાનની માળા ભજો,
એ હિંદ હિતકર વીર દાદાભાઇ દીર્ઘાયુ હજો. ૩

શુભકાર્યના કરનાર એ અવિચળ રહો અવની વિષે,
કુળમાં દીવો પ્રકટયો અને પ્રકાશ પોષ્યો દશ દિશે;
અમ હિંદના નરનારની વિનતિ પ્રભુ સ્વીકારજો,
એ હિંદ હિતકર વીર દાદાભાઇ દીર્ઘાયુ હજો. ૪

જનની જણેતો ભગતજણ કાં માત થા દાતાતણી,
શુરવીર પુત્રો જણ ભલે, નહીતો રહેજે વાંઝણી;
આ સમય ખપ છે સિંહનો તે આર્યમાતા આપજો,
શાબાશ દદા દેશના કેશવ કહે ચઢતી થજો. ૫

રા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

## ૫. ગુણવંતી ગુજરાત.

**( મ્હાડ—ગરબી. )**

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત-( ધ્રુવ )
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝુકી રહ્યા અમ શીષ
માત મીઠી ! તુજ ચરણ પડીને માગિયે શુભ આશીષ !
અમારી ગુણવંતી ગુજરાત ! ૧.

મીઠી મનોહર વાડી આ ત્હારી નંદનવન શી અમોલ:
રસફુલડાં વીણતાં વીણતાં ત્યાં કરિયે નિત્ય કલ્લોલ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૨.

સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત !
જય જય કરવા ત્હારી જગતમાં અર્પણ કરિયે જાત.
અમારી ગુણવંતી ગુજરાત ! ૩.

ઉંડા અઘોર અરણ્ય વિશે કે સુંદર ઉપવન માંય !
દેશ પ્રદેશ અહોનિશ અંતર એક જ ત્હારી છાંય !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૪.

સરસરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપુરઃ
પુણ્ય ભૂમિ ફળ ફૂલ ઝઝુમી, માત ! રમે અમ ઉર !-
અમારી ગુણવંતી ગુજરાત ! ૫.

હિન્દુ, મુસલમિન, પારસી સર્વે, માત અમે તુજ બાળ;

અંગ ઉમંગ ભરી નવરંગે કરિયે સેવા સહુ કાળ !–
અમારી ગુણવંતી ગુજરાત ! ૬.

ઉર પ્રભાત સમાં અજવાળી, ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતા કરિયે જયજયકાર !–
અમારી ગુણવંતી ગુજરાત ! ૭.

નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

રા. અરદેશર ફરામજી ખબરદાર.

---

## ભવ્ય ભરતભૂમિ.

( ૧ )

અમ ભવ્ય ભરતભૂમી આ એ–
વડી બ્રહ્મવેદિ અમ આ એ,
વસિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, ભરદ્વાજ, ઉદ્દાલકાદિના
શુદ્ધ સનાતન બ્રહ્મતેજથી જે ઝગહળે સદાએ,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ–
બ્રહ્મરસે ભીના ઋષિવરની બ્રહ્મવેદિ અમ આ એ !

( ૨ )

અમ ભવ્ય ભરતભૂમિ આ એ–
વડું તપોવનજ અમ આ એ,
બાદરાયણ વ્યાસ, જૈમિનિ, કણાદ, ગોતમ, કપિલ, પાણિનિ,
પતંજલિ, વાત્સાયન, આદિની

પ્રૌઢ વાણી જ્યાં હર્ષે ઉત્સુક કર્ણે નિત્ય પીવાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ-
વર્ચસ્વી ધ્યાનલીન મુનિનું તપોવનજ અમ આ એ !

( ૩ )

અમ ભવ્ય ભરતભૂમિ આ એ-
વડું પુણ્યભુવન અમ આ એ;
બ્રહ્મવાદિની ગાર્ગી અરૂંધતી, મૈત્રેયી, સાવિત્રી સીતા સતી,
દમયંતી, દ્રૌપદી, તારામતી, કમલાવતી, દુર્ગાવતી, કુલવતી
સતીની શાશ્વત કીર્તિ ગાઇ જ્યાં કુલવધૂ કૃતાર્થ થાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
સરસ્વતીની લાડલી સખીનું પુણ્યભુવન અમ આ એ !

( ૪ )

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડું વીરક્ષેત્ર અમ આ એ,
ભાર્ગવ, રાઘવ, ભીષ્મ. ભીમ ને દ્રોણ, કર્ણ અભિમન્યુ, અર્જુને,
મૌર્ય શકારિ, સિદ્ધરાજને હઠહમીર ચહુઆણ તાજ તે.
પૃથુ જયમલ્લ પ્રતાપ આદિને
નામે અમર ઉછળે ઉર જ્યાં આર્યતણા ઉત્સાહે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
સત્કીર્તિરસિક વીરવર્યનું વીરક્ષેત્ર અમ આ એ !

( ૫ )

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડી કાવ્યકુંજ અમ આ એ,

રામાયણ ભારતના ઋષિકવિ; કાલિદાસ, ભવભૂતિ, ભારવિ,
દંડી, બાણ, જયદેવ, હાલ કવિ પ્રવરસેન, સુરચંદ, ચંદરવિ,
તુલસી, પ્રેમાનંદ પુરાકવિ, ભારતેંદુ બંકિમ ત્રિપાઠી વળી
નવીન પ્રસાદી રસામૃતની જહિં અખૂટ અવનવી પાયે
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
અમર કવીશ્વરની કોડામણિ કાવ્યકુંજ અમ આ એ!

( ૬ )

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડી આર્યમાત અમ આ એ,
ચરણ પખાળે જલધિ પ્રીતથી, ષડઋતુ પૂજે પુષ્પ પત્રથી;
ભાનુ કરે ત્રણું કાળ આરતી, વાયુ વાયે ત્રિવિધ સદાગતિ,
નિર્મળ નદીઓ લલિત લાસ્યથી મૃદુ મર્મર કલરવ-વિલાસથી
સુજશ દીસે દશ દિશ પ્રકાશતી,
પ્રેમતણો ઉપહાર અર્પી વળી જય જય જય જન ગાયે-
જય જય જય જય જન ગાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
ભૂમંડળી મંડન જનનંદન ધન્ય માત અમ આ એ!

રા. કે. હ. ધ્રુવ.

---

## ૭. भैया देशका ए क्या हाल.

भैया देशका ए क्या हाल।
खाक मीट्टी जौहर होती सब जौहर होइ जंजाल॥
घर छोडके सब परको सेवे भाइको देत भगाइ।

सागर पार सब धन गया और घरमां लछमी नाई ॥
पित्तल कांसा रहे कैसा, सोना चांदी शेष ।
अब इनामेल, गिलटी शीसा घर घरमे परबेस ॥
पाट रुइ सब इयांसे जाकर जहाज भरके आते ॥
देशके आदमी मुरख बनकर, चांदी देके लाते ॥
गौ सुहरके लोहिसें शोधित, चीनी निमक खावे ।
सफेदी देखकर मन ललचाता, हाथमें मोक्ष पावे ॥
गौशाळामें गौ हय कितनी, किसिको यह न सूझे ।
टीन भरे गो दुध विलाती, उसको मीठां बुझे ॥
देशके धन सब चोपट करके, लेते परदेशीया ।
ह्यांका लोक सब, फकिर बनजाय, ना पावे रुपैया ॥
बनारसी और शाल दुशाला, रेशम पशम छोडी ।
छिट पाठ नकलै मखमल गोटा, मोलही देकर कोडी ॥
गौ सुवरकी चरबी देकर जो बनाइ लवास ।
पहने वही भारतवासी धर्म्म करके नाश ॥
पुन्यस्थान ये आर्यवर्तमें, नहिं मिले कोइ चीज ।
आदमी बौरा मुरख होकर, छोड दिया तजवीज ॥
आंखके आगे सबी पराहे, कोइ न पावे रुवा ।
घरको लछमी परको देकर, सब कोइ रहे भूखा ॥
दीन बिशारद, गनइ, बिपत् भनो दुःख गीत ।
हो मतिमंद, देशके संतान, करो स्वदेश हित ॥

स्व. कालिप्रसन्न काव्यविशारद.

ઉદય જય રંગ, જસ ડંકા કરો ! ઘુમો મુની બંકા !
ન પાછા પાગ કંઇ ધરવા ! ઉઠાવો હાથ હિત કરવા !
સ્વ. હ. હ. ધ્રુવ.

---

## ૧૧ વીર ! જાગો જાગો રે.

---

( રાગ ખમાચ-ત્રિતાલ )

વીર ! જાગો જાગો રે.
હિન્દ રડત દુઃખથી હાય,
હૃદય તમ શું નવ ચીરાય ?
માત રૂદન કયમ ખમાય,
સુજન ! જાગો જાગોરે.

કાન્ત વદન કરમ્યું હાય,
અબલ બનેલ ભુજત પાય,
કમર કઠિન નવ રખાય,
શો સજેલ વાત્રોરે.

છિન્ન ભિન્ન શી જણાય,
અનુપ માત હિન્દ હાય,
રાત દીન ક્ષીણ થાય,
તદપિ શૂં ન દાઝોરે.

રિબત માત કયમ ઉંઘાય ! ?

ભવ્ય મનન કરી સદાય,
અધમ દ્વેષ પટકી પાય,
    હિન્દ સૌખ્ય સાધોરે.

રમ્ય દિવ્ય લો ઉપાય,
યત્નમાં છો જીવ જાય,
હામ તો પ્રભુજી સ્હાય,
    વીર ! જાગો જાગો રે,

રા. વસન્ત વિનોદી.

---

## ૧૨. સ્વદેશભકિત.

( રાગ-ધીરાની કાફી. )

સ્વદેશની ભકિત રે, કે કોઇ વિરલા જાણે,
સ્વતંત્રતાના રસની રે,
    લ્હેજત કોઇ પરમાણે............ટેક,

* * * *

ત્રણે પદાર્થ છે દેશ ભક્તિમાં,
    ધર્મ અર્થ વળી કામ;
સ્વદેશ ભક્તને દેશની પ્રીતિ,—
    મોક્ષ એ, સુખ કેરૂં ધામ:
કે રૂચે નહિં બીજું રે,
    મસ્ત એ દેશ અભિમાને......સ્વદેશની૦

બ્રહ્મા વિષ્ણુ મહેશ દેશપતિને જાણશે;
વખણાશે તે વેશ રાજ્યભક્ત થઇને રહે.
તન મન ધન કુરબાન સુત નારી સુખને તજે;
ગુણિજન કરશે ગાન ધ્યાન ધરે ધરણીપતી.
ફૂટ જનની ફૂટ જાત તાત ગણો ધિક્કાર તે;
રાખી જગમાં વાત દેશદ્રોહિ જે કો થયો.
મમતા મોટપ માન દેશતણું દીલમાં ધરે;
તનમાં આવે તાન સુણતાં દેશ વડાઇને.
ખરૂં ગણો નર ધીર દેશતણાં અભિમાનને;
વખણાયે ના વીર અન્ય હોય અભિમાન તે.

રા. કૃપાશંકર ઝીણાભાઇ.

---

## ૧૫. માડીની ઝુંપડી.

---

### ધીરાનું પદ.

દુખિયાંનો વિસામો રે, માડી ત્હારી ઝુંપડી.
રણવગડાનો છાંયો રે, આંધળીઆંની લાકડી.
કુંજ નિકુંજે લચી વલ્લરી, નિર્ઝરીઆં સંતાય,
અમલ કમલ દલ પર પંખીડાં, બ્રહ્મલીલાને ગાય,
રઢીઆળી એ વાડી રે, સોહવતી જે ઝુંપડી.
આજે ખાત્રા ધાતી રે, નિર્જન રણમાં ઝુંપડી દુખિયાં૦
ધર્મ કર્મ રસ કસ લુંટાયાં, ઘરઘર વખરી હીર,
છતી સંતતિ સત્વ લુટાયું ખેંચાયાં તુજ ચીર.

લુંટાતી એ માડી રે, ખાલી ત્હારી ઝુંપડી.
ખાલી તોયે મ્હારી રે, માડી ત્હારી ઝુંપડી. દુખિયાં૦

ધન સંધી ખેતર સૂકવીયાં દવ પ્રેર્યો ચોપાસ,
રાતી વિભુની આંખડી દેખી, પંખીડાં પામે ત્રાસ.

તેને સોડે રહાતી રે માડી ત્હારી ઝુંપડી.
પોષણીઆં શી પાતી રે આછી જાડી રાબડી. દુખિયાં૦

વન વીંટયાં સીંચાણે સઘળાં, અવશ પડયાં તુજ બાળ
ઠામ ઠર્યાંને હડધૂત કરીને, રણ વગડે દે માર

અંકે લેવા ધાતીરે, તેને માતા રાંકડી
શીળી છાંયે છાતીરે, માડી ત્હારી ઝુંપડી. દુખિયાં૦

ચણુકણ કાજે વન વન વીંઝે, તુજ બાલૂડાં પાંખ
પણ સુખ દુઃખનાં લ્હાણાં લેવા, ઠરતી તુજપર આંખ

અંતે તું સંઘરતી રે, માતા મ્હારી દુબળી
પ્રભુનો પથ દાખવતીરે, માડી ત્હારી ઝુંપડી. દુખિયાં૦

તુંજ જીવન અમ તું સર્વસ્વ, તુંજ સુધાનો સાર
મૂર્તિમતી વત્સલતા દેવી, તું સુરલોકનું દ્વાર.

નંદનવન શી વ્હાલીરે, અમને ત્હારી ઝુંપડી
જન્મભૂમિ વ્રત પાળીરે, શણગારીશું ઝુંપડી. દુખિયાં૦

રા. બાવાભાઇ અમીચંદ પટેલ,

## ૧૬. ધન્ય જીવ્યું જગમાંહ્ય.

**(મ્હારો સાથીડો રીસાયોરે કોણ મનાવા જાય, એ રાગ)**

મીઠી દેશની સેવા માનીએ તે ધન્ય જીવ્યું જગમાંહ્ય,
પરખ્યું સૌ સુખ દેશ પછાડી પ્રીતે નમીએ ત્હેને પાય.
સ્વાર્થ પાન લહ્યું વિષ હલાહલ નહિ સ્વપ્ને પણ ભાન,
રોમ રોમ ને રક્ત અણુમાં કેવલ દેશનું તાન
ત્હેને નમીએ નીચાં પાય, (૨) મીઠી૦
": દેશ ભક્તિસૂર વસન્તવેણું કોકિલ મંજુલ ગાન,"
અચલે વિમલે અન્તર લહી આ ઝુકવે ઝુમવે પ્રાણ.
નમીએ શતધા ત્હેને પાય. (૨) મીઠી૦
દેશોદય ગિરિપન્થ વિકટ અતિ તદપિ ભડ ભીમ હામ,
સતત કૂદે મન " દેશ રડે ત્યાં ધિઃક લીધો આરામ. "
નિશદી નમીએ ત્હેને પાય. (૨) મીઠી૦
દેશ તાત પીડાતો ભાળી હૈયું ગળી ગળી જાય.
આત્મત્યાગે પણ દેશ ઝળવવા ધર્મનિધિ ગજવાય.
ત્હેને નમીએ લળી લળી પાય. (૨) મીઠી૦
દિવ્યાત્મા હો બુઝર્ગ *દાદા ! સોંપી દેશને કાય,
" અવિચલ આયુ આપો જગપતિ " વિનતિ નમ્ર સહાય;
ત્હને તો પળ પળ નમીએ પાય. (૨) મીઠી૦

**રા. વસન્ત વિનોદી.**

---

* દાદાભાઇ નવરોજજી.

## ૧૭. પ્રેમોન્મત.

---

**( હું મસ્તાન પ્રેમની મને કોઇ ના છેડોરે, એ રાગ )**

હું દિવાનો દેશનો મને કોઇ ન સતાવો,
હોય જે મારા સમા–મારી કને આવો.
હું દિવાનો૦ ૧
તોતા અને કોવા મળી મુજ શિર ન પકાવો;
ડાંપણુ બતાવીને વૃથા મુજ દિલ ન દુખાવો.
હું દિવાનો૦ ૨
હોડી વિના સિંધુ તરો હિમ્મત ન હઠાવો;
હથીયાર વિણુ ઝુઝી શકો તો સંગ સિધાવો.
હું દિવાનો૦ ૩
વિણુ પાંખ ઉડવું આદરી પર જેહ ઉઠાવો;
તે હું દિવાના સાથ સઉ નિજ હાથ મિલાવો.
હું દિવાનો૦ ૪
પકવાન ખાવાં હોય તો તમ મુખ છુપાવો;
જો અગ્નિ ખાવો હોય તો પતરાળી નંખાવો.
હું દિવાનો૦ ૫
ઢાંકો તમારૂં મુખ ચહો જો લોભથી લ્હાવો.
જે હોય દિવાનો તે બનો મુજ સંગમાં ભાવો.
હું દિવાનો૦ ૬
સુખ આશ કેરા પાશ બાળી ખાખ લગાવો;

ભીતિ જલાવો ભઠ્ઠિમાં આ દેશ જગાવો;

હું દિવાનો૦ ૭

નવ પાઘડીનો પ્રેમ ધારી શીષ નમાવો;
નિજ પ્રાણ અર્પો દેશને નવ નામ ગુમાવો.

હું દિવાનો૦ ૮

નીરાંત કેરી રાતમાં નિદ્રા નહિ લાવો;
ઉજાગરે આનંદ માનો તો તમે ફાવો.

હું દિવાનો૦ ૯

+ × × × + ×

* * * * * *

શય્યા ચહો જો પુષ્પની તો મ્હોં ન બતાવો;
સુવું હોય શરશય્યા પરે તો દોસ્તીનો દાવો.

હું દિવાનો૦ ૧૦

ધસી પાય મરવું હોય તો તમ ધામ સુહાવો:
લણુવી અમરતા હોય તો ક્ષેત્રે જીવન વાવો.

હું દિવાનો૦ ૧૧

એ દેશનો સંદેશ ને આદેશ છે આવો;
તે રસ સદા હે સંઘવી ! પીવો અને પાવો.

હું દિવાનો૦ ૧૨

**રા. ન. પુ. સંઘવી.**

## ૧૮. જનની સેવન.

(કામણ દીસે છે અલબેલા ત્હારી આંખમાં રે, એ રાગ.)

જનની સેવનનો મધુમધુરો અવસર ક્યાં મળે રે,
અવસર ક્યાં મળે રે, જગજીવ્યું ફળેરે.—જનની૦

નવનિધ લાડે નિશદિન ઝુલવે,
ઉરહીર પાતી હૈયે હુલવે,
અલ્પ સાટું પણ અમિત ભારનું ક્યાં વળે રે.—જનની૦

પ્રભુપુર ગૌરવ વદને મલકે,
મંજુલ મોહક અંતર ઝલકે,
નવ નવ સાજે શીખ દે સાને પળે પળે રે.—જનની૦

ઉત્તમ શોણિત જનની કાજે,
રેલાયે શું વધુ કે'વાશે,
**કિસ્મત ક્યાંથી ભારતીહિત કાયા ઢળે રે.**—જનની૦

રા. વસન્ત વિનોદી.

## ૧૯. એક દીન એવો આવશે.

એક દીન એવો આવશે.
જ્યારે અમીઝરણો ઝરંતાં પૃથ્વિનેય પખાળશે,
એક દીન એવો આવશે ટેક.

કળિકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજવીર્યથી ભુમિભક્તિથી આ સૃષ્ટિનેય ભુલાવશે. એક૦
રામ અર્જુન ભીષ્મ જેવા કર્ણ સંગ પ્રતાપને,
હમિરાજ યોગીરાજ ગુર્જરરાજનેય ભુલાવશે એક૦
શિબિરાજ ભગિરથરાજસમ પરમાર્થ જીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદારાજને વિસરાવશે. એક૦
પરબ્રહ્મનિષ્ટ વશિષ્ઠ વિશ્વામિત્ર રૂષિના પાદને,
પ્રેમે નમો નિઃસ્વાર્થનેતા આર્યવર્ત ઉદ્ધારશે. એક૦
આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના,
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે. એક૦
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દિવ્ય પ્રકાશશે,
દૃઢ સત્યપર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે. એક૦
આ દુઃખ ને ભુખના પડે પોકાર ચારે દેશથી,
ત્યાંથીય મંગળ ગીતનાં ધ્વનિ મંદ મધુરાં ચાલશે, એક૦
મરૂદેશના જેવી ઉજડ ભુમિ સર્વ ભારતવર્ષની.
ફળ ફુલથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે. એક૦
અહીંથી મહાવીર મ્હારથી ટંકાર કરતા શસ્ત્રના;
પરદેશમાં જઈ રાજ્યના શુભ્ર ધર્મને શિખવાડશે. એક૦
પૂર્વે થયા ન્હોતા વળી સ્વપ્ને ન તર્કયા વીર તે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સરવે દેવનેય ઉતારશે. એક૦

રા. મગનભાઇ ચતુરભાઇ.
બી. એ. એલએલ. બી.

## ૨૦. સ્વદેશી હોળી.

### હોરી.

સ્વદેશી પ્રેમે ઉડાવો, ગુલાલ સ્વદેશી-સ્વદેશી૦
દેશીભાઇ સ્વદેશી થઇને, ભારત દેશ દીપાવો,
રાષ્ટ્રિય કેળવણી ગંગાજળ, ઘુંટી ઘુંટી રંગ મીલાવો,
પોતે છાંટી છંટાવો—સ્વદેશી૦ ૧
થઇ દેવાંશી શું ભાઇ લેશો, ધુળ કાદવનો લ્હાવો ?
માલ વિદેશી તે ધુળ કાદવ, પોતે ત્યજી, ને ત્યજાવો,
નિડરતા રંગે રંગાવો—સ્વદેશી૦ ૨
દ્વેષ સ્વાર્થનો મલીન મળોમાં, મૂરખ લે મન લ્હાવો,
સજ્જન એ હોળી ના ખેલે, ખેલે ગલીચ ગંદાઓ,
હજી ચેતી ચેતાવો—સ્વદેશી૦ ૩
માંહો માંહેના મમત્વ મૂકીને, પ્રેમી પરસ્પર થાઓ,
મહત્ તત્વ સ્વરાજ્ય સર્વનું અંતિમ સાધ્ય કમાઓ,
આનંદમાં ઝુલી ઝુલાવો—સ્વદેશી૦ ૪

સ્વદેશી.

## ૨૧. ફકીરી.

( કાનુડો ન જાણે મોરી પ્રીત૦ એ રાગ )
લાગે ફકીરી મને પ્યારીરે,

બંધુ મારા, લાગે ફકીરી મને પ્યારી.
જમવું ને રમવું વ્હાલા, કેમે ગમતા નવ અમને,
ભાઇઉંને ભૂખે મરતા ભાળીરે--બંધુ મારા૦
હસવું તે વસમું વ્હાલા, હરવું ફરવું તે મરવું,
પગમાં બેડીયું પડી ભારીરે--બંધુ મારા૦
પરજન સઉ મોજું કરતા, દેખી દેશી દુખીઆરા,
વાગે ઘા કાળજડામાં કારીરે--બંધુ મારા૦
સાચું કહે છે આ સાધુ, મોહમાયા મૂકીને,
**સ્વદેશ ભકિત કરવી સૌથી સારીરે**—બંધુ મારા૦

---

## ૨૨. હમારી હિંદ માતા તું.

---

### ( ગઝલ. )

પરમ સુખની વિધાતા તું, અચળ યશપ્રાપ્ત માતા તું;
હૃદયને ધર્મદાતા તું, હમારી "હિન્દ માતા તું." ૧
ચરણ પૂજી તુંને ભજતાં, જગતનાં દુઃખ ભય તજતાં;
સદા ભક્તિ ઉરે સજતાં, જપું મુખ "હિન્દ માતા તું." ૨
મણિમુક્તા સુરત્નોથી, રસેલી ઇશયત્નોથી,
પૂજાયેલી પ્રયત્નોથી, હમારી "હિન્દ માતા તું." ૩
બિચારા બાળ બહુ ત્હારા, સહેતા કષ્ટઅસિધારા,
છતાં ત્હારાજ રહેનારા, ગણીને "હિન્દ માતા તું." ૪

નહિં પરના થનારા એ, અધર્મે ના જનારા એ,
રહી નિજ દેશ–ધારાએ; ઉચરશે "હિન્દ માતા તું." ૫
ઋષિ મુનિ દેવ ગાંધર્વો, ઉજવશે ઉન્નતિપર્વો;
વહી મહિમા મુખે ગરવો; કહીને "હિન્દ માતા તું" ૬
શિશુ નરનારી જય કહેતાં, સહર્ષે આશિશો દેતાં;
વધાવી વારણાં લેતાં; સમરતાં "હિન્દ માતા તું." ૭
ગુણી ગુરૂ વિપ્ર કે જ્ઞાની; ખરા જે દેશ અભિમાની;
ગણી આ જીંદગી ફાની; ભજે છે "હિન્દ માતા તું." ૮
શુણી તુજ નામના બોલો; ઉછળતી હર્ષની છોળો,
હૃદયપટ આ થતો પહોળો, કહેતાં "હિન્દ માતા તું." ૯
ગવાતાં મા ! તમારાં ગીત; હૃદયમાં જે વહે છે પ્રીત,
કહું તે શબ્દમાં શી રીત ? વર્ણું "હિન્દ માતા તું." ૧૦

---

## ૨૩. ભારતવાસી જાગો.

---

( લાવણી. )

ભારતવાસી જાગો આર્યો હો ભારતવાસી જાગો,
પ્રચંડ દુઃખદાવાનળ પ્રગટયો, પ્રસરી આફત આગો;
બળ્યા ઝળ્યા શું પડયા રહો છો ? ઉંઘ હવે તો ત્યાગો. ભારત૦ ૧
ઇન્દ્રાસન ઇચ્છે બીજા ત્યાં, નિદ્રાસન શું માગો ?
આળસ મરડી ઉઠી જાગો, દેશહિતમાં લાગો. ભારત૦ ૨

સહસ્ત્રાવધિ વર્ષો વીત્યાં, કુંભકર્ણ નિદ્રાના
સુખ સંપત્તિ સન્માન લુંટાયા, જન્મભૂમિ માતાનાં, આ
હત ભારતમાતાનાં, ભારત૦ ૩

વિપદગ્નિ પ્રગટયો જન વનમાં તન મન અગ્નિ લાગ્યો,
પ્રજાળપાતને સહન કર્યો બહુ, આળસ નિદ્રા ત્યાગો,
હવે ભયના કિલ્લા ભાગો. ભારત૦ ૪

કુસંપની વિષવલ્લી ઉછેરી, કરી અવદશા પાકી;
અન્ન વસ્ત્ર પણ પુરાં ન મળે, હવે રહ્યું શું બાકી. ભારત૦ ૫
પ્રબળ રોગ પડતીનો પેઠો, કાંઇક કરો ઉપચારો;
આળસને આધીન થઇ શું ? હાથે બાજી હારો. ભારત૦ ૬
પરદેશી પંખીડા પેખો કરે પરાક્રમ લાખો;
હરિશ્ચ તમને હંફાવે શું ? થઇ નમાલા સાંખો. ભારત૦ ૭
વગોવાય છે નામ આર્યનું પિતૃકુળ લજવાયે;
કૃતઘ્ન નીવડી પ્રજા હિન્દની કનિષ્ટ ગણના થાયે, ભારત૦ ૮
દેશ વિદેશે સ્વદેશ હિતનાં, ઉજ્વળ પ્રગટે કામો;
નામઠામ દીપાવો વીરા, સ્વતંત્રતા ફળ પામો. ભારત૦ ૯
ભોર થયો ભાનુકર ઝળકયાં, પ્રસર્યો બધે સુધારો;
તિમિરાન્વિત ઉરને અજવાળી, ધ્વજા તમે પણ ધારો ભારત૦ ૧૦
જીર્ણ શીર્ણ બળહીણ ક્ષીણ થઇ વરપ્રદ પતિતા આજે;
દીન બીચારી ભારત માતા વિનવે આર્ત અવાજે;
તમે જાગો, જાગો, જાગો. ભારત૦ ૧૧
માતાનાં આંસુ લ્હોવાને માતૃભક્ત વ્રત ધારો;
સ્વધર્મ પાલન કરતાં મરતાં દીન દેશ ઉગારો ભારત૦ ૧૨

સ્વદેશભક્તિ મંત્ર ધરી ઉર ભારત હિતમાં લાગો;
પરાધીનતાપાસ છેદવા, પ્રભુ પાસે બળ માગો. ભારત૦ ૧૩
પાપ પનોતી પ્રપંચ પીડા, પણુ ધરીને ઝટ ત્યાગો;
અધર્મનો પડછાયો પડતાં પાછે પગલે ભાગો. ભારત૦ ૧૪
જનની જન્મભૂમિની સેવા શીર અર્પી સ્વીકારો;
નિર્બળતા અંતરની આજે નિશ્ચય કરી નિવારો. ભારત૦ ૧૫
વીર તનુજ થઇ બેશી રહ્યા શું ? જનની નીર બતાવો;
સાહસ સેવા ધરીને, રીપુ દળ બળને તાવો. ભારત૦ ૧૬

## ૨૪. વ્યાપારયુદ્ધના મેદાનમાં.

### ( સવૈયા એકત્રીસા. )

સ્વતંત્રતાનું નિશાન હાથે, વન્દેમાતરમ્ મુખમાં ગાન;
સ્વરાજ્ય હક મેળવવા દૃઢ થઇ ઉભા સહુ ભારતસંતાન.
બોયકોટ હથિયાર હાથમાં દુંદુભી મા ! તુજ જય ગીતડાં;
ધીમે પગલે ચાલ્યા યોદ્ધા, તુજ સુપુત્ર હિન્દુ મુસલમાન.
તોપ અને બંદૂક ધાર તલવાર તણી નહી ભેદી શકે;
કરી વ્યૂહ રચના હુન્નર ઉદ્યોગ તણી વીર કરે પ્રયાણ.
ઇન્દ્રપુરીમાં સ્વર્ણ ભૂમિને નામે તું પ્રખ્યાત હતી,
તો ઇન્દ્રપુરી કરી વસો વસશું યા મરશું કરશું સમશાન.
નહી ડરશું, મરશું, ધરણી આ ધ્રુજાવશું હકને માટે;
યા તો હકના હકદાર થશું, યા દેશું પ્રાણ તણું બળિદાન.

દિવાનો.

## ૨૫. અમારી ફકીરી.

( ગઝલ. )

અમે લીધી ફકીરી આ, અમારી ભૂમિને કાજે;
જગાવી ઇશ્કની ધુણી, અમારી હિંદને કાજે.
બુતો પૂજા દીધી છોડી, કિતાબો રાખમાં રોળી;
અમે સઉ હિંદને માટે, લીધી વરવી હવે ઝોળી.
ફિરસ્તા મુર્શિદોના સહુ, વચનને દૂર તો કીધાં;
અમૃત સમ સુખ ત્યાગીને, કટુ સમ ઝેરને પીધાં.
કિતાબો વેદ પુરાણો, દીધાં પાણી મહી સરવા;
ખુદાની ન્યાતમાં અમને, અમોને હિંદની પરવા.
અમોને સહુ નસેનસમાં, બુરો નિશો બધે વ્યાપ્યો;
તમે તેને દફા કરવા, હકીમો શીદને આવો.
તમોને છે પડી ટેવો, મજેદારી ઉડાવાની;
અમારી એ બુરી આદત, વફાદારી ઉઠાવાની.
અમો મસ્તાનના મસ્તાનની એ ઓર મસ્તી છે;
અમારી આ અમારી, હિંદને કાજેજ હસ્તી છે.

બુલબુલ.

---

૨૬ ( થયાછો રે પતી તેજ પ્યારી તનનાઠ એ રાહ. )

પ્રિયબંધુ ધોળે દિ ધનપર ધાડ પડે આજે. ટેક,
ત્રીસક્રોડ માનવની માતા કરતી અશ્રુપાત,
વીર જાગો, શું ભાગો, ફૂલ બાગો, નવ ત્યાગો,
સાડી તમ માડીની તાણી લુંટે છે લાજે. પ્રિયબંધુ—૧
શૌર્ય ગયું સંતાઇ સરવનું થયા ગાયથી રંક,
ભયભરતા, રૂહે ડરતા, કરગરતા, નવ ઠરતા,